પ્રજાનો અવાજ

ચોપાટી ગેટની કામગીરી સાઇટ પર પૂરતા બેરીકેટનો અભાવ, અકસ્માતની ભીતિ

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા ચોપાટી પર આવેલ જર્જરીત ગેટના નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે ચોપાટી પર ગેટના નવીનીકરણ કામગીરી સાઈટ પર પૂરતા બેરીકેટનો અભાવ જોવા મળી રહ્યો છે. આ સાઈટ પર પૂરતા બેરીકેટ ન લગાવેલ હોવાથી પ્રવાસીઓ જીવના જોખમે પસાર થાય છે.» જય કેશવાલા

જિલ્લા સેવા સદન 2 ના ગેટ નજીક સ્ટ્રીટલાઇટનો અભાવ

પોરબંદર શહેરમાં અનેક વિસ્તારોમાં તેમજ માર્ગો પર અપૂરતી સ્ટ્રીટલાઈટ જોવા મળી રહી છે. પોરબંદર શહેરના સાંદિપની જતા રસ્તે જિલ્લા સેવા સદન 2 ક્લેક્ટર કચેરીના ગેટ નજીકના વિસ્તારમાં સ્ટ્રીટલાઈટનો અભાવ જોવા મળી રહ્યો છે જેથી રાત્રીના સમયે અહીંથી પસાર થવામાં પણ મુશ્કેલી વેઠવી પડે છે.» કેશુભાઈ પરમાર

જિલ્લા સેવા સદન 1 માં સફાઈનો અભાવ, પ્લાસ્ટિકનું સામ્રાજ્ય

સાંદિપની રોડ પર નવી કોર્ટ કચેરી સામે જિલ્લા સેવા સદન 1નું બિલ્ડિંગ આવેલ છે. આ બિલ્ડીંગના પટાંગણમાં પૂરતી સફાઈ ન થતી હોવાથી ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે. આ કચેરીના બિલ્ડીંગના પટાંગણમાં પ્લાસ્ટિકનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જેથી અહીં ફરજ બજાવતા કર્મીઓ અને અરજદારોને પણ ભારે મુશ્કેલી વેઠવી પડે છે.» વિશાલ મેઘનાથી

QR કોડ સ્કેન કરો, ફોટો સાથે માહિતી મોકલો

અમને મો. નં. 98791 11234 પર માહિતી મોકલી શકો છો.

રાજાશાહી વખતનું બિલ્ડીંગ રિનોવેશન કરવાને બદલે તાળા મારી ખંઢેર કરવા મૂકી દીધું

જર્જરિત બિલ્ડિંગના બહાના હેઠળ 2 વર્ષથી ગાયવાડી ડિસ્પેન્સરી સેન્ટરને તાળા લાગ્યા

ડિસ્પેન્સરી સેન્ટર બંધ થતાં સ્થાનિકોને પ્રાથમિક સારવાર માટે ભાવસિંહજી હોસ્પિટલ ધક્કા થાય છે

ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદરમાં રાજાશાહી વખતના બિલ્ડીંગમાં પ્રથમ ગાયવાડી ડિસ્પેન્સરી સેન્ટર કાર્યરત હતું.પરંતુ આ બિલ્ડિંગની સમયાંતરે મરામતના અભાવે જર્જરિત હાલતમાં બની ગયું હતું જેથી ભાવસિંહજી હોસ્પિટલ દ્વારા જર્જરિત બિલ્ડીંગના બહાના હેઠળ આ ડિસ્પેન્સરી સેન્ટરને 2 વર્ષ પૂર્વે જ તાળા મારી બિલ્ડિંગને રીનોવેશન કરવાને બદલે ખંઢેર કરવા મૂકી દીધું છે.આ ડિસ્પેન્સરી સેન્ટર છેલ્લા 2 વર્ષથી બંધ હોવાથી આસપાસના સ્થાનિક લોકોને પ્રાથમિક સારવાર માટે પણ ભાવસિંહજી હોસ્પિટલના ધક્કા ખાવા પડી રહ્યા છે.

સમગ્ર રાજ્યમાં આરોગ્ય વિભાગ તેમજ સરકારી હોસ્પિટલમાં લોકોને વધુમાં વધુ અને સારી સારવાર મળી રહે તેવા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પોરબંદર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારો અને શહેરમાં પણ અનેક આરોગ્ય સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે સ્થાનિકોને નજીકમાં અને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે તેવા હેતુથી આ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલ હસ્તકના પણ પોરબંદર શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આરોગ્ય સેન્ટરો કાર્યરત હતા અને હાલ પણ એક સેન્ટર કાર્યરત છે પોરબંદરના બ્લોક હેલ્થ સેન્ટર ખાતે હાલ પણ ભાવસિંહજી સરકારી હોસ્પિટલ દ્વારા આરોગ્ય સેન્ટર કાર્યરત રાખવામાં આવ્યું છે પરંતુ ગાયવાડી ડિસ્પેન્સરી સેન્ટર 2 વર્ષ પૂર્વે બંધ કરી દેવામાં આવ્યું છે આ ડિસ્પેન્સરી સેન્ટર નું બિલ્ડીંગ રાજાશાહી વખતનું હોવાથી સમયાંતરે યોગ્ય મરામત ના અભાવે આ બિલ્ડીંગ જર્જરિત હાલતમાં બની ગયું હતું ત્યારે આ બિલ્ડિંગના રીનોવેશન ને બદલે આ સેન્ટરને જ ભાવસિંહજી સરકારી હોસ્પિટલ દ્વારા બંધ કરી દેવામાં આવ્યું છે આ સેન્ટર બંધ થતા સ્થાનિકોને તાત્કાલિક અને પ્રાથમિક સારવાર માટે ફરજિયાત ભાવસિંહજી સરકારી હોસ્પિટલ સુધી ધક્કા ખાવા પડે છે

કાર્યરત હતું ત્યારે 100 દર્દીની ઓપીડી પ્રતિદિન રહેતી હતી

ગાયવાડી ડિસ્પેન્સરી સેન્ટર જ્યારે કાર્યરત હતું ત્યારે રોજ આ વિસ્તારમાંથી અનેક દર્દીઓ પ્રાથમિક સારવાર લેવા માટે આવતા હતા જેથી સેન્ટર ખાતે રોજ 70 થી 100 જેટલા દર્દીઓની ઓપીડી નોંધાતી હતી ત્યારે હવે આ તમામ દર્દીઓને ભાવસિંહજી હોસ્પિટલ સુધી ધક્કા ખાવા પડે છે.

નવા બિલ્ડીંગ માટે અગાઉ કાર્યવાહી હાથ ધરાઈ હતી

પોરબંદરના ગાયવાડી વિસ્તારમાં આવેલ ડિસ્પેન્સરી સેન્ટરનું બિલ્ડિંગ જર્જરીત હાલતમાં બની જતા તાળા લગાવી દેવામાં આવ્યા છે ત્યારે અગાઉ પોરબંદરના ધારાસભ્ય સહિતના આગેવાનો અને અધિકારીઓ જર્જરીત બિલ્ડિંગની મુલાકાત કરી નવા બિલ્ડીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

રામવાવ જતા રસ્તેથી છરી સાથે શખ્સ ઝડપાયો

ક્રાઇમ રિપોર્ટર | પોરબંદર

પોરબંદરના મોરાણા ગામે રહેતો હકુ હોથીભાઈ લાડક નામનો શખ્સ ખાંભોદર ગામથી રામવાવ જતા રસ્તેથી પસાર થયો હતો ત્યારે પોલીસને જોઈને આ શખ્સ આડો અવળો થતા પોલીસે શંકાના આધારે શખ્સની તલાસી લેતા આ શખ્સના પેન્ટના નેફા માંથી પ્લાસ્ટિકના હાથા વાળી લોખંડની છરી મળી આવતા પોલીસે છરી કબ્જે કરી, શખ્સને ઝડપી લઈ, હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી બગવદર પોલીસ ચલાવી રહી છે.

પોરબંદર જિલ્લામાં 24 કલાકમાં દારૂ અંગેના 17 કેસ નોંધાયા

ક્રાઇમ રિપોર્ટર | પોરબંદર

પોરબંદર જિલ્લામાં દારૂની બદી દૂર કરવા જિલ્લા પોલીસ દ્વારા પેટ્રોલિંગ, ચેકીંગ અને બાતમી આધારે દરોડા પાડવામાં આવે છે ત્યારે છેલ્લા 24 કલાકમાં જિલ્લામાં દારૂ અંગેના 17 કેસ નોંધાયા હતા, જેમાં 10 શખ્સ નશો કરેલ હાલતમાં મળી આવતા, પોલીસે તેઓની સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, જ્યારે અન્ય 7 કેસમાં પોલીસે 24 લિટરથી વધુનો દેશીદારૂનો જથ્થો પકડી કિંમત રૂ.4,880નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

લીમડા ચોક નજીક મકાન પરનો ડોમ જર્જરિત બન્યો



પોરબંદર | પોરબંદર શહેરના લીમડાચોક શાકમાર્કેટ સામે ડોમ બાંધકામ વાળું મકાન આવેલ છે અને આ મકાન વર્ષો જૂનું બાંધકામ ધરાવે છે. મકાન પર ડોમ એટલેકે ડૂમ આવેલ છે અને આ ડોમ જર્જરિત બન્યો છે. સમારકામ ન થવાને કારણે કલર કાળો થયો છે અને ટોચનો ભાગ વધુ જર્જરિત હોય તેવું જણાઈ આવે છે. લીમડાચોક વિસ્તાર ભરચક વિસ્તાર છે અને અનેક લોકો અહીંથી પસાર થાય છે. જો ડોમ તૂટી પડે તો જાનહાનિ અને માલહાનિ સર્જાઈ શકે તેમ છે જેથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા મહાનગર પાલિકા ખાતે રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં ઘરફોડ ચોરીના 3 ગુનામાં ઝડપાયેલી મહિલા આરોપી જેલ હવાલે

ચોરીમાં ગયેલ સોના ચાંદીના દાગીના સાથે મહિલા આરોપીને એલસીબીએ ઝડપી લીધી હતી

ક્રાઇમ રિપોર્ટર | પોરબંદર

પોરબંદર એલસીબી પીઆઈ આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા ટેકનિકલ રાહે તથા હ્યુમન ઈન્ટેલીજન્સ મારફતે ગત વર્ષથી તપાસ કરી રહેલ હતા, તે દરમ્યાન એલસીબી સ્ટાફ રાણાવાવ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે આધારભુત બાતમી મળી હતી કે, રાણાવાવ પોલીસ મથકમાં નોંધાયેલ ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડવાની બાકી મહીલા આરોપી કાજલ આતીશ ઉર્ફે

મહિલા આરોપી

વિશાલ બહાદુર રાઠોડ રાણાવાવ રેલ્વે સ્ટેશન પાસે આવેલ ઝુપડપટ્ટીમાં આવનાર છે. જે હકીકત મળતા આ સ્થળે મહીલાની વોચ તપાસમાં હતા ત્યારે આ મહીલા આરોપી આવી હતી જેથી આ મહિલા આરોપીને પકડી લઇ, મહીલા પાસે રહેલ થેલીની જડતી તપાસ દરમ્યાન થેલીમાંથી એક મોબાઈલ ફોન તથા સોના-ચાંદીના દાગીના મળી આવતા મુદ્દામાલ કબ્જે કરી મહીલા આરોપીની અટક કરી કાર્યવાહી કરી છે. મહીલા આરોપી પાસેથી મળી આવેલ અંદાજિત રૂ. 14.80 લાખના મુદ્દામાલ સોના-ચાંદીના દાગીના બાબતે પુછપરછ કરતા પોતે તથા તેનો પતિ આતીશ ઉર્ફે વિશાલ બહાદુર રાઠોડ તથા પોતાના દીયર રાહુલ બહાદુર રાઠોડ સાથે મળી આજ થી આશરે સવા વર્ષ પહેલા રાણા ખીરસરા ગામની સીમમાં આવેલ એક રહેણાક મકાનનું તાળુ તોડી ઘરમાંથી સોદાના દાગીનાની ચોરી કરી હતી, આ ઉપરાંત 9 મહિના પહેલા બોરીચા ગામ વાડી વિસ્તારના એક રહેનાક મકાનનું તાળુ તોળી સોનાના દાગિના તથા રોકડ રકમની ચોરી અને 5 માસ પહેલા રોજીવાડા ગામની સીમમા રહેણાક મકાનનુ તાળુ તોડી સોનાના દાગીનાની ચોરી કરી હતી. આ મહિલા આરોપીની રાણાવાવ પોલીસે કાર્યવાહી કરી કોર્ટમાં રજૂ કરી જેલ હવાલે કરવામાં આવી છે.

ગળેફાંસો ખાઈ યુવાનનો આપઘાત

ક્રાઇમ રિપોર્ટર | પોરબંદર

પોરબંદરના કુછડી ગામે સીમ વિસ્તારમાં રહેતા રામ વિરમભાઈ કુછડીયા નામના 24 વર્ષિય યુવાને ગત તા. 28/12ના રોજ પંખા સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા આ યુવાનનું મોત નીપજ્યુ છે.

આ યુવાને કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હોવાનું સુરેશભાઈ અરજનભાઈ કુછડીયા દ્વારા પોલીસ ચોપડે જાહેર કર્યું છે. આ યુવાનના આપઘાતની પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. યુવાનના આપઘાતના કારણ અંગે હાર્બર મરીન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પરિણીતાના મોત અંગે ડીવાયએસપીએ તપાસ આદરી

હનુમાનગઢ ગામે પરપ્રાંતિય પરિણીતા કૂવામાં પડી જતા મોત નિપજતા અરેરાટી

પરિણીતાને પતિ સાથે ઝઘડો થતા બોલવાનું બંધ કર્યું હતું

ક્રાઇમ રિપોર્ટર | પોરબંદર

રાણાવાવના હનુમાનગઢ ગામે મજૂરી અર્થે આવેલ પરપ્રાંતીય પરણિતા અને તેના પતિ વચ્ચે ઝઘડો થયો હતો જેથી પરણિતાએ પતિ સાથે બોલવાનું બંધ કર્યું હતું અને બાદ આ પરિણીતાનો મૃતદેહ કૂવા માંથી મળી આવ્યો હતો. કૂવામાં પડી જતા પાણીમાં ડૂબી જતા અકસ્માતે પરિણીતાનું મોત થયાનું નોંધી ડીવાયએસપીએ વધુ તપાસ હાથ ધરી છે. રાણાવાવના હનુમાનગઢ ગામે પરબત કેશવભાઈ મોઢવાડિયાની વાડીએ મધ્યપ્રદેશ માંથી મજૂરી કામ માટે આવેલ સારિકાબેન રામકિશન ડાવર નામની 23 વર્ષિય પરણિતાનો મૃતદેહ કૂવા માંથી મળી આવ્યો હતો. આ બનાવ અંગે પરિણીતાના પતિ રામકિશન દયારામ ડાવરએ પોલીસ ચોપડે નોંધાવ્યું છેકે, તેની પત્ની લગ્ન પહેલા કોની સાથે ભાગી ગયેલ હોય તેવું તેની પત્ની સારિકાને પૂછતા ઝગડો કરી બોલવાનું બંધ કરી દીધેલ અને તા.25/12ના રોજ બપોરે ખેતરમાં કામ કરતા હતા ત્યારે ઝૂંપડે ચા બનાવવાનું કહીને જતી રહેલ અને ઝૂપડા નજીક કૂવાના પાણી માંથી સારિકાબેનનો મૃતદેહ મળી આવતા પોલીસે કૂવાના પાણીમાં ડૂબી જતા અકસ્માતે પરિણીતાનું મોત થયાનું નોંધી આ બનાવ અંગે વધુ તપાસ ડીવાયએસપી ધ્રુવલ સુતરીયા ચલાવી રહ્યા છે.

જિલ્લામાં આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે પોરબંદર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રેખાબા સરવૈયા દ્વારા પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા.27/12/2025 થી તા.09/01/2026 સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવવામાં આવી છે.આ હુકમ સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો, ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી, સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યક્તિ, લગ્નનો વરઘોડો તથા સરકાર તરફથી યોજવામાં આવતા કાર્યક્રમોને લાગુ પડશે નહી.

પોરબંદરના લકડીબંદર પુલ નજીક સર્જાયેલા અકસ્માતમાં રિક્ષા ચાલક સામે ગુનો નોંધાયો

રિક્ષા પાછળ બેસેલ આધેડનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું

ક્રાઇમ રિપોર્ટ | પોરબંદર

પોરબંદરના લકડીબંદર પુલ નજીક રિક્ષા અને ટ્રક વચ્ચેના અકસ્માતમાં રિક્ષા પાછળ બેસેલ આધેડને ઈજા પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં રિક્ષા ચાલક સામે ગુન્હો નોંધાયો છે.

પોરબંદરના લકડીબંદર પુલ નજીક રિક્ષા GJ 11 W 4952ના ચાલકે પોતાની રીક્ષા પૂરઝડપે ગફલતભરી રીતે ચલાવી હતી અને GJ 25 U 4348 નંબરના ટ્રક સાથે અથડાવતા રિક્ષા પાછળ બેસેલ મૂળ વલસાડ પથંકના અને પોરબંદર માછીમારી કરવા આવેલ ભીખુભાઈ પરસોતમભાઈ પટેલ નામના 54 વર્ષીય આધેડને ઈજા પહોચતા તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે અંકિત દિલીપ ખોખરીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગીરગઢડા તાલુકાના જાખિયાગામમાં રહેતો રિક્ષા ચાલક અનુ સાદુળ મકવાણા સામે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાર્બર મરીન પોલીસ ચલાવી રહી છે.

માછલી ભરેલ ખુલ્લા વાહનોમાંથી પાણી રોડ પર ફેલાતા અન્ય વાહનો સ્લીપ થાય છે

ઉલ્લેખનીય છેકે, આ માર્ગ પર માછલી ભરેલ ખુલ્લા વાહનો સતત પસાર થાય છે અને માછલી ભરેલ ખુલ્લા વાહન માંથી પાણી પડે છે જેને કારણે રોડ પર પાણી ફેલાયેલ રહે છે જેથી વાહનો સ્લીપ થાય છે. અનેક વાહન ચાલકો સ્લીપ થયા છે. આ ઉપરાંત અહીં સ્ટ્રીટલાઈટનો પણ અભાવ છે જેને કારણે વાહન અકસ્માતનો ભય રહે છે.

ભાસ્કર ખાસ — શહેરના સુદામા મંદિર, કીર્તિમંદિર સહિતના સ્થળો પ્રવાસોનું ઘોડાપુર

થર્ટીફર્સ્ટની રજાઓને લઈને પોરબંદરમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદર શહેરમાં આવેલ કીર્તિમંદિર, સુદામા મંદિર સહિતના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓમાં વધારો થયો છે.હાલ થર્ટીફર્સ્ટની રજાઓને લઈને પોરબંદરમાં પ્રવાસીઓની સંખ્યામાં થયો વધારો છે.શહેરના પ્રવાસન સ્થળો ખાતે પ્રવાસીઓમાં બે ગણો વધારો નોંધાયો છે.

રાજ્યના પ્રવાસન સ્થળો પર હાલ થર્ટીફર્સ્ટની રજાઓને લઈને પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે ત્યારે પોરબંદર શહેરના આવેલ પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે.પોરબંદર શહેરના સુદામા મંદિર,કીર્તિમંદિર, ચોપાટી સહિતના પ્રવાસન સ્થળ પર પ્રવાસીઓની ભીડમાં વધારો થયો છે.ખાસ કરીને હાલ રાજ્યની સ્કૂલો દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ પોરબંદરમાં આવી રહ્યા છે.પોરબંદરના સુદામા મંદિર અને કીર્તિમંદિર ખાતે પ્રવાસીઓની લાઈન લાગી છે.હાલ તો પોરબંદરના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનો બે ગણો વધારો નોંધાયો હતો.

પોરબંદરમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હતો.

ગુજરાત ગ્રામીણ બેંક
GUJARAT GRAMIN BANK
Scheduled Bank Owned by Government

રીજીયોનલ ઓફીસ, રાજકોટ : બીજો માળ, વિરલ હાઇટ્સ, ટાઇમ સ્કવેર-૨ પાસે, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫, ગુજરાત

બેંકને બોખીરા શાખા માટે ભાડે/ લીઝથી મિલકત જોઈએ છે

ગુજરાત ગ્રામીણ બેંક ને તેની **બોખીરા શાખા, તા. પોરબંદર, જિલ્લો પોરબંદર** માટે ગ્રાઉન્ડ ફ્લોર/ ફર્સ્ટ ફ્લોર (એક ફ્લોર પર આશરે ૧૫૦૦ ચોરસ ફુટ વિસ્તાર) ભાડાપટ્ટે/ ભાડા ના આધારે જગ્યાના મકાન માલિકો/ પાવર ઓફ એટર્ની ધારકો પાસેથી આમંત્રિત કરે છે. મિલકત પ્રાઇમ લોકેશન પર સ્થિત હોવી જોઈએ.

જગ્યાઓ જરૂરી પાર્કિંગ, પાણી, વીજળી વગેરે સુવિધાઓના સમાવેશ સાથે વ્યવસાયને અનુકૂળ જરૂરી દસ્તાવેજો સાથે સ્પષ્ટ હોવી જોઈએ. મ્યુનિસિપલ ટેક્સ, જાળવણીનો ખર્ચ મકાનમાલિકે ભોગવવાનો રહેશે. જગ્યાઓ વ્યવસાય માટે તૈયાર/ સોંપવા લાયક હોવી જોઈએ અથવા ૦૩ થી ૦૬ મહિનાના સમયગાળામાં કબ્જા માટે તૈયાર થવાની / તૈયાર થઈ જાય તેવા રસ ધરાવતા મિલકત માલિકો/ પાવર ઓફ એટર્ની ધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની ટેકનિકલ બિડ અને પ્રાઇસ બિડ તમામ દસ્તાવેજો/ પુરાવાઓ સાથે અલગ અલગ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે **તારીખ ૨૧.૦૧.૨૦૨૬ ના રોજ ૫.૦૦ કલાક અથવા તે પહેલા** મોકલી આપવા. દરેક બિડ અલગ અલગ કવરમાં મોકલી આપવા. કૃપા કરીને કવર પર સ્પષ્ટપણે **બોખીરા શાખા માટે ભાડાપટ્ટે/ ભાડા કરાર પર જગ્યા પૂરી પાડવા માટેની અરજી (ટેકનિકલ બીડ/ પ્રાઈસ બિડ).** બિડર બિડના કવર પર તેમનો મોબાઈલ નંબર અને સંપૂર્ણ સરનામું પણ સ્પષ્ટપણે લખે.

જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પબ્લીક સેક્ટર અન્ડરટેકીંગ)/ સરકારી સંસ્થાઓ દ્વારા ઓફર કરાયેલ જગ્યાઓ પણ ધ્યાનમાં લેવામાં આવશે. વિગતો માટે, કૃપા કરીને અમારી બેંકની વેબસાઇટ https://gujratgb.in/tenders.php ના ટેન્ડર વિભાગની મુલાકાત લો. બેંક કોઈપણ પ્રકારના કારણો આપ્યા વગર બધી ઓફરો સ્વિકારવા કે નકારવાનો અધિકાર અનામત રાખે છે.

તારીખ : ૩૦.૧૨.૨૦૨૫
સ્થળ : રાજકોટ

રીજીયોનલ મેનેજર
ગુજરાત ગ્રામીણ બેંક, રાજકોટ રીજીયન

Sterling HOSPITALS
Rajkot



મગજ અને મણકાની સર્જરીના
નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી
આપના શહેર પોરબંદરમાં

તારીખ: 01 જાન્યુઆરી, ગુરુવાર
બપોરે 01:00 થી 02:00 વાગ્યા સુધી

ઓપીડી સ્થળ: આનંદ સર્જીકલ હોસ્પિટલ,
ડો. કવિત પરમાર સાહેબની હોસ્પિટલ,
સ્ટેશન રોડ, ભોજેશ્વર, પોરબંદર.

ડો. મયંક વેકરિયા
MS, DNB (Neurosurgery)
કન્સલ્ટન્ટ, ન્યુરો અને સ્પાઇન સર્જરી

નિયમિત દર મહિનાનાં પહેલા ગુરુવારે ઓપીડી

નામ લખાવવા માટે સંપર્ક કરો: 95740 00691
વધુ માહિતી માટે: 98989 00079